# અનામત પ્રથાને લીધે લાયકાત ધરાવતા સક્ષમ વ્યક્તિઓને યોગ્ય તક મળતી નથી : શેરસિંહ રાણા

**નવી બનેલી રાજકીય પાર્ટી ''રાષ્ટ્રીય જનલોક પાર્ટી''ના અધ્યક્ષ શેરસિંહ રાણા ગુજરાતની મુલાકાતે**

ગાંધીનગર, તા. ૨૦

''દેશમાં અનામત પ્રથાના લીધે સક્ષમ વ્યક્તિઓને યોગ્ય તક મળતી નથી જેના કારણે તેઓ દેશ છોડીને વિદેશમાં જતા રહે છે. જો સવર્ણોને આર્થિક આધાર પર અનામત આપવામાં આવતી હોય તો અન્ય વર્ગોને પણ તેમને મળતી અનામતમાં આર્થિક આધારનો માપદંડ રાખવો જોઈએ અથવા દેશમાંથી અનામત પ્રથા હવે દૂર કરવી જોઈએ'' આ શબ્દો તેમણે આજે ગાંધીનગર આવેલા રાષ્ટ્રવાદી જનલોક પાર્ટીના અધ્યક્ષ શેરસિંહ રાણાએ પત્રકારો સાથેની વાતચીતમાં ઉચ્ચાર્યા હતા. તેમણે કહ્યું હતું કે જો દેશમાં અનામત પ્રથા ના હોય તો રાફેલ જેવા વિમાનો વિદેશમાંથી ખરીદવાને બદલે દેશમાં જ બનાવી શકાતા હોત.



ભારતના ઉત્તરપ્રદેશ તથા હરિયાણામાં લોકસભાની ચૂંટણીઓ લડવા રચવામાં આવેલી નવી રાષ્ટ્રવાદી જનલોક પાર્ટીના અધ્યક્ષ શેરસિંહ રાણા હાલ ચૂંટણીલક્ષી માહોલનો અભ્યાસ કરવાના હેતુસર ગુજરાતના પ્રવાસે છે. આજે ગાંધીનગર આવી પહોંચેલા શેરસિંહ રાણાએ અખબારભવન ખાતે પત્રકારોને સંબોધ્યા હતા જેમાં તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૭૦ વર્ષ સુધી અનામત પ્રથા અમલમાં છે જે હવે ખતમ કરવી જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે અનામત પ્રથાનો લાભ આર્થિક રીતે સક્ષમ બની ગયેલા પરંતુ અનામત કેટેગરીમાં આવતા હોવાને કારણે તવંગર નાગરિકો પણ ઉઠાવે છે, હકીકતમાં અનામત પછાત વર્ગ માટે રાખવામાં આવી હતી. શેરસિંહ રાણાએ નરેન્દ્ર મોદીની સરકારે સવર્ણોને આપેલ દસ ટકા અનામતને લોલીપોપ ગણાવવા સાથે એમ પણ કહ્યું હતું કે જેમ સવર્ણોને આર્થિક આધાર પર જ અનામતનો લાભ મળે છે તેમ અનામતમાં પછાત વર્ગો છે તેમને પણ આર્થિક માપદંડના આધારે જ અનામત આપવી જોઈએ. તેમણે એસસીએસટી કાયદાને કાળો કાયદો ગણાવતા તેને દૂર કરવાની વાત કરી હતી. આ સાથે તેમણે લોકસભાની ચૂંટણીઓમાં સમાન વિચારધારા ધરાવતા પક્ષો સાથે ગઠબંધન કરી ચૂંટણી લડવાની તૈયારી કરી હોવાનું જાહેર કર્યું હતુ.

# આજથી એસટીના પૈડા થંભી જશે

**એસટીના ૪૫ હજારથી વધુ કર્મી હડતાળમાં જોડાશે : રાજયના લાખો મુસાફરો રઝળી પડશે : તંત્ર દ્વારા મિટિંગ યોજી સમાધાનના પ્રયાસની દિશામાં ચક્રોગતિમાન કરાયા**

એસટી નિગમના રાજ્યભરના કર્મચારીઓ આજે મધરાતથી હડતાળ પર ઉતરી જશે. જેના કારણે આજે મધરાતથી રાજ્યભરની સાત હજારથી વધુ એસટી બસનાં પૈડાં થંભી જશે. અમદાવાદ સહિત મોટા ભાગના ડિવિઝનના કર્મચારીઓએ રજાના રિપોર્ટ મૂકી દીધા છે. બીજીબાજુ, એસટી બસની હડતાળને લઈ રાજયભરના મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવશે. જો કે, તંત્ર દ્વારા હજુ સુધી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે સ્પષ્ટતા કરવામાં આવી નથી. એસટી નિગમના કર્મચારીઓની આજે મધરાતથી હડતાળને લઈ આજે રાત્રીની મુસાફરી કરનારા મુસાફરો અને યાત્રિકોને હડતાળને લઈ સાવધાની રાખવા અને શકય હોય તો મુસાફરી ટાળવા અનુરોધ કરાયો છે. એસટી નિગમ કર્મચારી યુનિયન દ્વારા સાતમા પગારપંચ સહિતના મુદ્દે કરાયેલી માગણી જો નહીં સંતોષાય તો જડબેસલાક હડતાળ પાડવા માટે આદેશ આપી દેવાયો છે, જેના કારણે અમદાવાદ સહિત રાજયભરના હજારો મુસાફરો રઝળી પડશે. એકસાથે હજારો એસટી બસનાં પૈડાં થંભી જશે તો રાજ્યભરના લાખો મુસાફરો કફોડી અને હાલાકીભરી સ્થિતમાં મૂકાઈ જશે, તેને લઈ તંત્ર પણ ચિંતાતુર બન્યું છે પરંતુ કર્મચારીઓની લડતને લઈ અત્યારસુધી કોઈ સમાધાનકારી રસ્તો શોધવામાં નિષ્ફળ રહ્યું છે. મોડી રાત સુધી બેઠક યોજાય અને કોઈ ડેવલપમેન્ટ થાય તેવી આશા સેવાઈ રહી છે. દરમ્યાન આ અંગે રાજ્ય એસટી કર્મચારી મહામંડળના પ્રમુખ સતુભા ગોહિલે જણાવ્યું હતું કે એસટી કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનું સરકારે નિરાકરણ નહીં લાવતાં મજૂર મહાજન સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન, એસટી કર્મચારી મંડળ, ઈન્ટુક અને ભારતીય મજદૂર સંઘ થકી બનેલી સંકલન સમિતિ દ્વારા હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. આ આંદોલનમાં રાજ્યભરના ૪૫ હજાર કર્મચારીઓ જોડાઈ રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં અમદાવાદ સહિત રાજ્યભરમાંથી ૯૨ ટકા કર્મચારીઓએ માસ સીએલ મૂકી દીધી છે. આ અંગે એસટી સચિવ હાર્દિકભાઈ સગરે જણાવ્યું હતું કે, આજે રાતે બાર વાગ્યાથી હડતાળ શરૂ થશે. ડ્રાઈવર, કંડકટર હડતાળ પર હોવાથી જો આ હડતાળ સુખદ અંત નહીં આવે તો પ્રવાસીઓએ ખાનગી વાહન વ્યવસ્થાનો આશરો લેવો પડશે. એસટી કર્મચારીનાં યુનિયન દ્વારા તાત્કાલિક માગણી પૂરી કરવામાં નહિ આવે તો વધુ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ છે અને જ્યાં સુધી માગણી પૂરી નહીં થાય ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

## લોહાણા સમાજ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલી સાથે મોટી રકમ દાનમાં અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ ખાતેની ભારત પાકિસ્તાન બોર્ડર ઉપર રઘુવંશી લોહાણા સમાજના કથરા પરિવાર દ્વારા આયોજિત સરસ્વતી કલાવૃંદ ગાંધીનગરના કલાકારો દ્વારા યોજાયેલ ડાયરાના કાર્યક્રમમાં લોહાણા સમાજના અગ્રણીઓ અને ભક્તો દ્વારા વીર શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. તથા સીઆરપીએફના જવાનોના પરિવાર માટે સારી એવી રકમનું દાન ભેગુ કરી તેમને મોકલવામાં આવી હતી.

## દેશભક્તિની મિશાલ એવા હરણાવડા ગામે શહીદોને શ્રદ્ધાંજલિ અને સૈનિકોનું સન્માન કરાયું

માણસા, તા. ૨૦

માણસા પાસેનું નાનકડું એવું હરણાહોડા ગામ કે જે ગામમાંથી ઘણા ખરા યુવાનો લશ્કરના સૈનિક



તરીકે ફરજ બજાવે છે. તેમાંના કેટલાક હાલ રજાઓમાં માદરે વતન આવેલા છે અને તેઓને તાજેતરની સીઆરપીએફના જવાનો પરના હુમલાની જાણ થતાં ગામમાં બનાવાયેલી હિતરક્ષક સમિતિની આગેવાનીમાં સમગ્ર ગામલોકોએ એકત્રિત થઈ રેલી સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાનું છેવાડાનું અને નાનકડું એવું હરણાહોડા ગામ કે જે ગામના હાલ ૪૪ જવાનો હાલ આર્મી સૈનિક તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેમાંથી આઠ જવાનો હાલ રજા પર માદરે વતનમાં આવેલા છે. ત્યારે તાજેતરમાં બનેલી સીઆરપીએફના જવાનો પરના હુમલાની ઘટનામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ગામના યુવાનોની ચાલતી હિત રક્ષક સમિતિના પ્રમુખ ચાવડા રોહિતસિંહ મંત્રી કુલદીપસિંહ અને સંગઠન મંત્રી અમરસિંહ અને તેમની ટીમ દ્વારા સમગ્ર ગામને સામૂહિક રીતે કેન્ડલ માર્ચ સાથે સમગ્ર ગામની પ્રદક્ષિણા કરતી રેલી યોજાઈ હતી અને તે દરમિયાનમાં આવતા ૪ મુખ્ય ચોક પર રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું અને બાદમાં માદરે વતન આવેલા દેશની રક્ષા કાજે ફરજ બજાવતા આઠ આર્મી જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અંગે આયોજક અમરસિંહે જણાવ્યું હતું કે થોડા સમય અગાઉ જ અમારા ગામનો યુવાન વીર દિલીપસિંહ શહીદ થતા જ્યારે તેના મૃતદેહને માદરે વતન લવાયો ત્યારે તેમના પરિવાર સાથે સમગ્ર ગામમાં શોક છવાઈ ગયો હતો ત્યારે સમગ્ર ગામને ખબર છે કે શહીદોના પરિવારોની સાથે તે ગામોમાં કેવો શોકનો માહોલ હોય છે તેથી આવા સમયે સમગ્ર ગામ તમામ કામો છોડી એક સાથે જોડાય છે.



ખેડબ્રહ્મા જેવા છેવાડાના તાલુકામાંથી સમગ્ર રાજ્યમાં દારૂની ખેપ વધી ગઈ હોઈ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલે મંગળવારના રોજ બાતમી આધારે ચેકીંગ કરતા એક કારમાંથી દારૂ ઝડપી પાડ્યો હતો. સ્થાનિક પોલીસની રહેમ નજર હેઠળ હેરાફેરી થતી હોય તે તેવું લાગી રહ્યું છે. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર રાજસ્થાનમાંથી એક કાર ન.જી.જે.૧૮બીએ.૩૮૫૧મા વિદેશી બનાવટનો દારૂ આવી રહ્યો છે. જેથી ગાંધીનગરની ટીમે હરણાવ નદીના પુલ ઉપર કોર્ડન કરેલ ત્યારે બાતમી મળી ગાડી આવી હતી પરંતુ ચાલકને પોલીસ હોવાનો ખ્યાલ આવી જતા ત્યાથી જ પરત ફરી ગયો હતો. ત્યારે કાર ચાલકે પોતાની કાર મટોડા ગામ પાસે પીપોદરા થઈ મામેર જતા રસ્તા ઉપર કાર ભગાડી હતી અને કાબુ ગુમાવી દેતા ગાડી સાઈડમાં ઉતરી ગઈ હતી. ડ્રાઈવર કાર મૂકી ભાગી ગયો હતો અને અંદરથી જુદીજુદી બ્રાન્ડની વિદેશી બનાવટની દારૂની બોટલો કુલ ૬૨૪ની કિંમત ૧૧૧૦૨૨, એક મોબાઈલ રૂ. ૩૫૦૦ અને સ્વીફ્ટ કાર ન. જી.જે.૧૮.બીએ.૩૮૫૧ રૂ. ૨૫૦૦૦૦ મળી કુલ ૩૬૧૫૨૨નો મુદ્દામાલ ઝડપી પાડી હતી.

## મેઘરજના કુણોલ ગામે રાત્રી રોકાણ કાર્યક્રમમાં શહીદોને શ્રદ્ધાંજલી

મેઘરજ, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કુણોલ પ્રા.શાળા ખાતે કલેકટર એમ.નાગરાજન અને જીલ્લા આયોજન અધિકારીના સંયુક્ત ઉપક્રમે રાત્રી રોકાણ કાર્યક્રમ યોજાયો હતા. જેમાં વિવિધ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. રસ્તા, પાણી અને બસ સેવા જેવી પ્રાથમીક સુવિધા મળી રહે તે માટે કલેકટર એમ.નાગરાજને ગામ લોકોએ રજુઆત કરતા સ્થળ પરજ સબંધિત અધિકારીઓને જવાબદાર તંત્રને ઝડપથી તેનો નિકાલ કરવા જણાવ્યું તેમજ કુપોષણ દૂર થાય તે અંગે આધુનિક ખેતી કરી ખેડૂતોની આવક બમણી થાય તે અંગે અને પ્રધાનમંત્રી કિશાન સન્માન યોજનાનો વધુ ખેડૂતો લાભ મેળવે તે હેતુથી ગ્રામજનોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કુણોલ વિસ્તારમાં ૭૦૦ ખેડૂતોમાંથી ૫૮૫ ખેડૂતો નોધાયા હતા, બાકી રહેલા માટે ગ્રામ પંચાયત આખી રાત ખુલ્લી રાખીને કામ કરવાની વાત મુકી હતી. વધુમાં તાજેતરમાં પુલવામામાં થયેલ આતંકી હુમલાના શહીદ જવાનોને મૌન રાખી સમગ્ર ગ્રામજનો તથા વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## રેડક્રોસ સોસાયટી દ્વારા પાંચ દિવસ આયુર્વેદિક ઉકાળા વિતરણનો પ્રારંભ

શહેરમાં સતત ઠંડીનુ વાતાવરણ છેલ્લા કેટલાક સમયથી રહેતા સ્વાઈન ફલુ, ચીકનગુનિયા સહિત શરદી-ખાંસી-તાવ જેવી વાઈરલ બિમારીઓનો વ્યાપ વધવા પામ્યો હતો. આ બિમારીઓ સામે લડવા રોગ પ્રતિકારક શક્તિ વધારતો આયુર્વેદિક ઉકાળો અસરકારક સાબિત થઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ શાખા દ્વારા પાટનગરમાં આદિવાડા, ચરેડી છાપરાં, સે. ૨૮ શોપીંગ સેન્ટર તથા સે. ૨૨માં દેનાબેંક ખાતે એમ ચાર સ્થળે સળંગ પાંચ દિવસ માટે આયુર્વેદિક ઉકાળા વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જેનો અનેક શહેરીજનો લાભ લઈ રહ્યાં છે.

# અરવિંદ કેન્દ્ર દ્વારા માતાજીની ૧૪૨મી જન્મ જયંતીની સંગીતમય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

માતાજીના ૧૪૨મો જન્મ દિવસ (૨૧ ફેબ્રુઆરી) નિમિત્તે શહેર સ્થિત અરવિંદ કેન્દ્ર સે. ૨૩



દ્વારા કડી સર્વ વિદ્યાલયના નાથીબા હોલ ખાતે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા સંગીતમય ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તથા માતૃભાષા દિન નિમિત્તે ગુજરાતની સુગમ સંગીતની જાણીતી રચનાઓ રજુ કરવામાં આવી. તથા કાર્યક્રમના અંતમાં શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

અરવિંદ કેન્દ્ર દ્વારા માતાજીના ૨૧મી ફેબ્રુઆરીના દિવસે આવતા જન્મદિન અને તેજ દિવસે માતૃભાષા દિન ઉપરાંત ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીને ધ્યાનમાં રાખી પાંચ દિવસ પહેલા કડી સર્વ વિદ્યાલયના નાથીબા હોલ ખાતે સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેન્દ્રના ગાયન-વાદન અને નૃત્યના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી સુગમ સંગીતની જાણીતી અને લોકભોગ્ય રચનાઓ તેમજ વસંતઋતુને અનુરૂપ રચનાઓ રજુ કરવામાં આવી હતી.

દિવ્યાબેન પારેખના વિદ્યાર્થીઓ દ્વારા હાર્મોનિયમ પર નવા જુના ગીતોની પ્રસ્તુતિ, ગાર્ગીબેન પસારી અને જયદીપાબેન રાજગુરૂની વિદ્યાર્થીઓ દ્વારા કથકની અને નિરાલીબેન પંડ્યા હેઠળ શિક્ષણ લેતી ભરત નાટ્યમની કુલ ૫૦ વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર રીતે કલાત્મક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તબલા પર અરવિંદભાઈ વોરા, દિપ વ્યાસ, ઓર્ગન પર હિમાંશુ ગાયકવાડ, ઓક્ટોપેડ પર જયેશ ચૌહાણ, સાઉન્ડ જય દવે અને સમગ્ર કાર્યક્રમું સંચાલન જયેશભાઈ દવે દ્વારા કરવામાં આવ્યુ તથા ફોટો અને વિડીયોગ્રાફી કેન્દ્રના વિદ્યાર્થી પ્રજ્ઞેશ પટેલ દ્વારા કરવામાં આવી. કાર્યક્રમનું સમાપન કેન્દ્રના શિક્ષક દ્વારા વૈષ્ણવ જનતો ગાવાની કરવામાં આવ્યુ તથા કાર્યક્રમના અંતે પુલવામામાં શહીદી વહોરી ગયેલા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

## વાવોલનું શંકાસ્પદ એક્ટીવા અન્ય યુવકનું નીકળ્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની સોસાયટી સુધી એક જ પ્રકારે થયેલી ત્રણ હત્યા કેસનું પગેરૂ પહોંચ્યુ છે. કાળા કલરનું નંબર પ્લેટ વગરનું શંકાસ્પદ એક્ટીવા પોલીસે જપ્ત કર્યુ હતુ. ત્યારે આ એક્ટીવા વાવોલમાં અન્ય સ્થળે રહેતા અન્ય યુવકનું હોવાનું સામે આવ્યું છે. એક્ટીવા માલિક પોલીસને યોગ્ય પુરાવા રજુ કરી એક્ટીવા લઈ ગયો છે. જ્યારે પોલીસે છેલ્લા ત્રણ દિવસથી વાવોલ ખાતે ધામા નાંખ્યા છે. ત્યારે ત્રણ હત્યા કેસનું પગેરૂ શોધવા પોલીસ રાત-દિવસ એક કરી રહી છે.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પુલવામા શહીદ થનાર જવાનોના પરિવારને ૫૧ લાખની મદદ

જમ્મુ-કાશ્મીરના પુલવામાં ભારતીય સેના પર થયેલા આતંકી હુમલામાં શહીદ થનાર વીર જવાનોના પરિવારોના દુઃખમાં ભાગીદાર થવા અને જવાનોના સંતાનોના ઉજ્વળ ભવિષ્ય માટે 'વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ'ના ટ્રસ્ટીઓ દ્વારા અત્યાર સુધીમાં ૫૧ લાખની મદદ જાહેર કરવામાં આવી છે. જેમાં ૧૧ લાખ એક જ ટ્રસ્ટી શૈલેષભાઈ પટેલ (ભુદરદાસ સેવાનિધી ટ્રસ્ટ) દ્વારા જાહેર કરાવામાં આવ્યા છે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના તમામ ટ્રસ્ટીઓ અને પરિવાર શહીદોની શહાદતને વંદન કરે છે. આગળ પણ શહીદોના પરિવારોની જરુરિયાતમાં કે તેમના સંતાનોના ઉજ્વળ ભવિષ્ય માટે સૌ ટ્રસ્ટીગણ સાથે રહીશે. હજુ પણ ટ્રસ્ટીઓ આ રકમમાં વધારો કરશે. આ સાથે ૨૦મી ફેબ્રુઆરીએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓની મળનારી સભામાં શ્રદ્ધાંજલિ અપાશે. તારીખ ૪ માર્ચને મહાશિવરાત્રિના દિવસે જગતજનની મા ઉમિયાના વિશ્વકક્ષાના નિર્માણ પામનાર મંદિરનું ભુમિપૂજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જાસપુર-અમદાવાદ ખાતે થવા જઈ રહ્યું છે.

### હોબાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમે ટોપી પહેરતા હતા અને જય પાટીદાર જય સરદારના નારા લગાવતા લગાવતા. આજે વિધાનસભામાં ધારાસભ્ય બન્યા છો માટે તમને બોલવાનો કોઈ અધિકાર જ નથી. આ તબક્કે પરેશ ધાનાણીએ તેમના સભ્યોનો પક્ષ લેતા જણાવ્યું હતું કે, લોખંડી પુરૂષ સરદાર પટેલની પ્રતિભાને લોખંડના ભંગારના ભુક્કામાંથી પ્રતિમા બનાવી કેદ કરી સરકારે એકરીતે અપમાન કર્યુ છે. ધાનાણના આ નિવેદનને લઈ ગૃહમાં શાસક પક્ષના સભ્યોએ જોરદાર વાંધો ઉઠાવ્યો હતો અને વિપક્ષના નેતાએ કરેલા શબ્દો પાછા ખેંચવાની ભાજપના સભ્યોએ જીદ કરી હતી. જોકે સામે કોંગ્રેસના સભ્યોએ પણ શબ્દો પરત નહી ખેંચવા સામે રાજકીય દલીલો કરતાં હતા. આ તબક્કે વિજય રૂપાણીએ ગૃહ સમક્ષ જણાવ્યું હતું કે, સરદાર પટેલ એક અનુભવ છે અને સમગ્ર દુનિયાભરમાં સૌથી મોટી પ્રતિમા આપણે બનાવી છે ત્યારે કોંગ્રેસ સરદારનું અપમાન કરે છે અને જવાબ સાંભળતા નથી. જો તમને વાંધો હોય તો પછી તમે ટીકા ટીપ્પણી કરો. દુનિયામાં સૌથી મોટો ઊંચામાં ઊંચી પ્રતિમા અમે બનાવી છે. સરદાર પટેલ લોખંડી કહેવાતા હતા અને લોકોના પ્રતિક ઉઘરાવીને આવી હોવાનું જણાવ્યું હતું. બીજી તરફ પરેશ ધાનાણીએ કરેલા વિધાનના વિરોધમાં શબ્દો પાછા ખેંચવા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તમારા વિધાન દરમિયાન તમે લોખંડનો ભંગાર શબ્દ કહી સરદાર પટેલનું અપમાન કર્યુ છે. એટલે તમે શબ્દો પાછા ખેંચો આ તમને શોભતું નથી તેમ કહેતા બંને પક્ષે હોબાળો મચી ગયો હતો.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ગ-૧ ની ૧૩, વર્ગ-૨ની ૫ અને વર્ગ-૩ની ૧૧૨ જગ્યાઓ ખાલી છે.

આજ પ્રમાણે જિલ્લામાં આવેલ ૯ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ની ૪, વર્ગ-૩ની ૨૯ અને વર્ગ-૪ની ૪૬ જગ્યાઓ હાલ ખાલી છે.

જિલ્લાના ૩૦ પ્રા. આ. કેન્દ્રોમાં વર્ગ-૨ની એક જગ્યા, વર્ગ-૩ની ૧૯ અને વર્ગ-૪ની ૬૩ જગ્યાઓ ખાલી છે.

આમ જિલ્લાનું આરોગ્યતંત્ર ખોડંગાયેલુ છે. સરકારે વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ ભરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાનું જણાવ્યુ છે. તો વર્ગ-૩ની નર્સીંગ પેટા-મેડીકલની જગ્યાઓ સીધી ભરતી અથવા બઢતીથી યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

**● ગાંધીનગર-અંબાજી માર્ગ ચારમાર્ગીય કરવાનું કામ**

વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલે ગાંધીનગર-ગોઝારિયા-વિસનગર અને અંબાજી માર્ગને ચાર માર્ગીય બનાવવા અંગેના પુછેલા એક લેકિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ કામ કરવાનું આયોજન છે. આ કામ માટે રૂ. ૧૦,૯૩૫.૬૯ લાખ મંજૂર કરવામાં પણ આવ્યા છે.

**● કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજી**

કોંગીના સંતોકબેન અરેઠિયાની પડતર અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૯૦૬ અરજીઓ પડતર છે. આ અરજીઓ પૈકી ૨૦૧૭માં ૩૨૮ ખેડૂતો અને ૨૦૧૮માં ૧૧૮ ખેડૂતોને મળી કુલ ૪૪૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. તત્કાલ વીજ જોડાણ માટે મળેલ બે અરજીઓ પૈકી એક અરજીનું કામ જાન્યુ.૧૯ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે જ્યારે એક અરજી રદ થયેલ છે.

**● અને છેલ્લે...**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોની તપાસ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૮૭ ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી છે.

આ તપાસ દરમ્યાન ૧૭ એકમો કસુરવાર જણાયા તે પૈકી ૭ એકમો સામે કયદા અનુસાર કેસ દાખલ કરવામાં આવ્યા છે. ૯ એકમો સામે કેસ દાખલ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે.

### યુનિવર્સિટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિવર્સિટીઓમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. પૌરાણિક સમયમાં નાલંદા, કાશી જેવા સ્થળો વિદ્યાધામ તરીકે ઓળખાતા હતા જ્યાં દૂરસુદૂરથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા હતા. ધીમે ધીમે ગાંધીનગર એ સ્તરે પહોંચી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગરની નામના દેશ-વિદેશ સુધી શૈક્ષણિક હબ તરીકે પ્રસરી છે. લેકાવાડામાં વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનતા વિદ્યાર્થીઓનો મોટો પ્રવાહ ગાંધીનગરમાં આવશે તેમાં શંકાને સ્થાન નથી. આ યુનિવર્સિટી ગાંધીનગરનું ગૌરવ બની રહેશે. જે ઝડપે જમીન ફાળવણીથી લઈને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે તે જોતા ખૂબ જ ટૂંક સમયમાં તેનુ બાંધકામ શરૂ કરી દેવાશે તેવુ લાગી રહ્યું છે.

### અંધારુ છવાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળે છે. નગરના ગ માર્ગ પર હજુ વાઈબ્રન્ટ ફીવર છવાયેલો જોવા મળી રહ્યો છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને વિંટળાયેલી રંગબેરંગી રોશની યથાવત છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા ખાડે ગઈ છે. ગઈકાલે નગરના મોટાભાગના વિસ્તારોમાં લાઈટો ડુલ જોવા મળી હતી.જેમાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ સહીત ખ માર્ગ પર અંધારપટ્ટની લપેટમાં આવી ગયો હતો. જયારે સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે લાઈટો ડુલ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. ગાંધીનગર જાણે મુન લાઈટ મોડમાં આવી ગયુ હતુ. આ મામલે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો હતો. સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદોનો પણ ત્વરિત ઉકેલ ન આવતો હોવાનો સુર ઉઠવા પામ્યો છે જયારે એલ ઈ ડી પ્રોજેકટના અંતે લાખોના વિજબીલની બચત થતી હોવાનો સુર ઉઠાવતા સરકારી તંત્રના અધિકારીઓ એલ ઈ ડી લાઈટની જાળવણીના મામલે જવાબદાર એજન્સી પાસેથી કામ કરાવવામાં નિષ્ફળ રહ્યા હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ છે.

### સાથ-સાથ હૈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મજબૂત થયા છે. મોહમ્મદ બિન સલમાને કહ્યું હતું કે, સાઉદી અરબમાં મોદી ૨૦૧૬માં પહોંચ્યા હતા. ત્યારથી લઈને હજુ સુધી અનેક સફળતાઓ હાંસલ કરવામાં આવી છે. ૪૪ અબજ ડોલરનું મૂડીરોકાણ કરવા સહમતિ દર્શાવી છે. ડાયવર્સીફિકેશન પર અમે કામ કરી રહ્યા છે. ભારત સાથે સહકાર કરવા માટે ઈચ્છુક છીએ. આ પહેલા પાકિસ્તાનની યાત્રામાં સાઉદી ક્રાઉન પ્રિન્સે કહ્યં હતું કે તેઓ ૨૦ અબજ ડોલરના મૂડીરોકાણનું વચન આપી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે, સાઉદી અરબના નાગરિકો માટે ઈવિઝાનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. ભારતીયો માટે હજ ક્વોટામાં વધારો કરવા માટે અમે આભારી છીએ. ૨.૭ મિલિયન ભારતીયાની સાઉદી અરબમાં શાંતિપૂર્ણ ભાગીદારી માટે અમે આભાર માનીએ છીએ. અમારા અર્થતંત્રમાં સાઉદી અરબથી સંસ્થાગત મૂડીરોકાણને જગ્યા આપવા માટે અમે સહમત થયા છીએ. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ટરમાં સાઉદના મૂડીરોકાણનું અમે સ્વાગત કરીએ છીએ. ૨૦૩૦ મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા માટે મહત્વપૂર્ણ પહેલ કરી રહ્યા છીએ. પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહાર કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભારત આતંકવાદનો ભોગ બને છે. તેમણે માંગ કરી હતી કે, તમામ દેશોએ આતંકવાદના સ્વરુપને ફગાવી દેવા માટે આગળ આવવું જોઈએ. આતંકવાદીઓને મળતા નાણા ઉપર બ્રેક મુકાવી જોઈએ.

### ફટકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે રિલાયન્સ ટેલિકોમ અને રિલાયન્સ ઈન્ફ્રાટેલ બંનેને ચાર સપ્તાહમાં સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીમાં એક એક કરોડ રૂપિયા જમા કરવા માટે પણ કહ્યું છે. આવું ન કરવાની સ્થિતિમાં વધુ એક-એક મહિનાની જેલની સજા થશે. આમા નિર્દેશ આપવામાં આવ્યા છે કે, રિલાયન્સ ગ્રુપ તરફથી કોર્ટની રજિસ્ટ્રીમાં પહેલાથી જ જમા કરવામાં આવેલા ૧૧૮ કરોડ રૂપિયા એરિક્શનને આપવામાં આવે. આમા એમ પણ કહેવામાં આવ્યું છે કે, રિલાયન્સ ગ્રુપના ટોપના નેતૃત્વ તરફથી આપવામાં આવેલી ખાતરીથી એવું લાગે છે કે, આદેશ આપવામાં આવ્યો હોવા છતાં એરિક્શનને જાણી જોઈને ચુકવણી કરવામાં આવી નથી. તે પહેલા અરજી પર સુનાવણી કરતી વેળા ચુકાદો અનામત રાખી લેવામાં આવ્યો હતો. ૧૩મી ફેબ્રુઆરીના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. એરિક્શન ઈન્ડિયાએ આક્ષેપ કર્યો હતો કે રિલાયન્સ ગ્રુપની પાસે રાફેલ વિમાનમાં રોકાણ માટે પૈસા છે તો ૫૫૦ કરોડ રૂપિયા કેમ ચુકવતા નથી. એરિક્શન ઈન્ડિયા તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રાફેલ વિમાન સોદાબાજીમાં રિલાયન્સ ગ્રુપ જંગી રોકાણ કરે છે પરંતુ તેની પાસે ૫૫૦ કરોડ રૂપિયા ચુકવવા પૈસા નથી. અનિલ અંબાણી દ્વારા સુપ્રીમ કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, મોટાભાઈ મુકેશ અંબાણીના નેતૃત્વવાળી રિલાયન્સ જીઓની સાથે સંપત્તિના વેચાણની સોદાબાજી નિષ્ફળ થયા બાદ આ તેમની કંપની દેવાળા માટે કાર્યવાહી કરી રહી છે. આવી સ્થિતિમાં તેમનું રકમ ઉપર અંકુશ નથી. રિલાયન્સ કોમ્યુનિકેશન દ્વારા કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, એરિક્શનના બાકી નાણાંની ચુકવણીની ખાતરી કરવા માટે સમય આપવામાં આવે. જીઓની સાથે તેમની સમજૂતિ થઈ શકી ન હતી. આ અરજી અંબાણી રિલાયન્સ ટેલિકોમના અધ્યક્ષ સતીષ શેઠ, રિલાયન્સ ઈન્ફ્રા ટેલના અધ્યક્ષ છાયા વિરાણી અને એસબીઆઈના અધ્યક્ષની સામે દાખલ કરવામાં આવી હતી. રિલાયન્સ કોમ્યુનિકેશને કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, એરિક્શનને તેની બાકી રકમ ચુકવી દેવામાં આવે તેવા બનતા પ્રયાસ કર્યા હતા પરંતુ જીઓ સાથે સંપત્તિ સમજૂતિ ન થતાં આ શક્ય બની શક્યું ન હતું. ૨૩મી ઓક્ટોબરના દિવસે કોર્ટે આરકોમને તેની બાકી રકમ ૧૫મી ડિસેમ્બર ૨૦૧૮ સુધી ચુકવી દેવા માટે કહ્યું હતું અને કહ્યું હતું કે, જો આમા વિલંબ થશે તો ૧૨ ટકા વ્યાજ લાગૂ થશે. એરિક્શન દ્વારા કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, કોર્ટ અંબાણી અને તેમના લોકોને ૫૫૦ કરોડ રૂપિયા વ્યાજ સાથે ચુકવી દેવા માટે આદેશ કરે. ૨૩મી ઓક્ટોબરના આદેશ મુજબ સંપત્તિ વેચાણની પ્રક્રિયાને આગળ વધારી શકાય છે.